“હકીમુલ મિલ્લત”

# હાજી નાજી (અ.ર.)

“ઝિન્દગીનો એ જ સાચેસાચ પડઘો છે,
હોય ના વ્યક્તિને એનું નામ બોલાયા કરે.”

## પ્રકાશક

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક

ભાવનગર – ૩૬૪૦૦૧

ફોન નંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

www.hajinajitrust.com
www.hajinaji.com
email : hajinajitrust@yahoo.com

કીતાબોમાં કોઇ પણ ભુલ દેખાય તો જાણ કરવા વીનંતી

hajinajitrust@yahoo.com

કિતાબ : “હકીમુલ મિલ્લત” હાજી નાજી (અ.ર.)
પ્રકાશક : હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ, ભાવનગર
સંકલન : અલીફ લામ. જલાલી (ધંધુકા)
મોબાઈલ નંબર : ૯૭ ૧૪ ૦૫ ૭૬ ૮૬
પહેલી આવૃત્તિ : જૂન – ૨૦૧૧
નકલ : ૧૦૦૦
હદિયો : અમલ

<u>ખાસ નોંધ</u> : અલ્લામા હાજી નાજી સાહેબની રૂહના સવાબમાં એક સૂરએ ફાતેહા પઢી બક્ષી આપવા વિનંતી.

## “હાજી નાજી સાહેબ” ની યાદમાં...

અલ્લામા હાજી નાજી સાહેબની યાદમાં ભાવનગર ખાતે ઈ.સ. ૧૯૯૦ થી “હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ” નીચે મુજબની કેટલીક મઝહબી અને સામાજિક પ્રવૃત્તિઓમાં કાર્યરત છે :

* ગરીબ અને યતીમ બાળકો માટે બોર્ડીંગ
* મઝહબી પુસ્તકોનું પ્રકાશન અને વિતરણ
* મઝહબી કિતાબોનું વેબસાઈટ મારફત પ્રકાશન (ઈ-લાઈબ્રેરી)

**www.hajinaji.com** અને **www.hajinajitrust.com**

## “હકીમુલ મિલ્લત” હાજી નાજી (અ.ર.)

ઈ.સ. ૧૮૬૨ માં જનાબ મુલ્લા કાદિરહુસૈન સાહેબે મુંબઈના ડોંગરી વિસ્તારમાં એક દીની મદ્રેસાની સ્થાપના કરી, જેમાં કુરઆન અને મઝહબે એહલેબૈત (અલય્હેમુસ્સલામ) ના ફીક્હી મસાએલની તાલીમ અને તરબીયત આપવામાં આવતી હતી. થોડા સમય પછી જયારે મુલ્લા કાદિરહુસૈન સાહેબ કરબલાએ મોઅલ્લા પરત ગયા ત્યારે હાજી દેવજી જમાલે તે સમયના મરજએ તકલીદને કરેલ વિનંતીના અનુસંધાનમાં ઈ.સ. ૧૮૭૨ માં જનાબ મુલ્લા કાદિરહુસૈન સાહેબ સત્યધર્મના પ્રચાર અને પ્રસાર માટે ફરી એક વખત મુંબઈ મુકામે સ્થાયી થયા અને આપનો મદ્રેસો ફરી એક વખત પુરા જોશ અને ઉમંગથી ચાલવા લાગ્યો.

જેના પરિણામ સ્વરૂપે એહલેબૈત (અલય્હેમુસ્સલામ) ના ચાહકોએ આલીશાન મસ્જીદો અને ઈમામબારગાહોના બાંધકામની શરૂઆત કરી અને આમ ફીક્હે જઅફરીના નિયમો

અને આદેશો અનુસાર ઉસુલે દીન અને ફૂરૂએ દીન ઉપર આચરણ કરતા દ્રષ્ટિગોચર થવા લાગ્યા. આ તબ્લીગ અને ધર્મપ્રચારમાં મુલ્લા કાદિરહુસૈન સાહેબે પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

આવા પ્રતિભાશાળી આલીમેદીન જનાબ મુલ્લા કાદિરહુસૈન સાહેબના એક હોનહાર વિદ્યાર્થી જેમનું નામ ગુલામેઅલી અને પિતાનું નામ ઈસ્માઈલભાઈ તથા દાદાનું નામ રહીમભાઈ અને માતાનું નામ જાનબાઈ (જેનાબાઈ) હતું.

શું કહેવું આ હોનહાર વિદ્યાર્થીનુ જેમનો જન્મ ૨૮ મી સફર હિજરી સન ૧૨૭૯ અને ઈ.સ. મુજબ ૧૮૬૪ માં મુંબઈમાં થયો. આમ તો આપના બાપ-દાદા ભાવનગર જીલ્લાના શિહોર ગામના રહેવાસી હતા પરંતુ તેઓને વેપાર અર્થે મુંબઈ સ્થળાંતર કરવું પડ્યું હતું. આપના બાપ-દાદા

વર્ધા (મહારાષ્ટ્ર) માં ઘી, ખાદી અને ચામડાનો વેપાર કરતા હતા.

હાજી ગુલામઅલી સાહેબે પોતાનું પ્રાથમિક મઝહબી શિક્ષણ મુલ્લા કાદિરહુસૈન સાહેબ પાસેથી વિનયી રીતે પ્રાપ્ત કર્યું. મુજતહીદ આયતુલ્લાહ શૈખ ઝયનુલ આબેદીન માઝનદરાની સાહેબે મુલ્લા કાદિરહુસૈન સાહેબને મુંબઈ ખાતે સત્ય ધર્મના પ્રચાર અને ફેલાવો કરવાના તબ્લીગી કાર્ય માટે મોકલ્યા હતા. આપ હાજી દેવજી જમાલની સાથે હિજરી સન ૧૨૯૦ માં (ઈ.સ. ૧૮૭૦ થી ૧૮૭૩) મુંબઈ આવ્યા. હાજી ગુલામઅલી મુલ્લા કાદિરહુસૈન સાહેબના હોનહાર વિદ્યાર્થી હતા એટલું જ નહિં બલ્કે હાજી સાહેબ મુલ્લા સાહેબની સાથે પડછાયાની જેમ રહેતા હતા. જયારે પણ મુલ્લા કાદિરહુસૈન સાહેબ બહાર જવાનો ઈરાદો કરતા તો હાજી નાજી સાહેબ પોતાના શિક્ષક મુલ્લા કાદિરહુસૈન સાહેબના જૂતા વ્યવસ્થિત કરી આપતા. મુલ્લા કાદિરહુસૈન સાહેબ હાજી નાજી સાહેબની

આ અદાઓથી પ્રભાવિત થઈને ઘણી વખત ફરમાવતા :
“બરખુરદાર ! આજે તમો મારા જૂતા વ્યવસ્થિત કરો છો પરંતુ જોઈ લેજો કે એક એવો સમય આવશે જયારે લોકો આપના પગરખા ઉઠાવશે.”

ઇતિહાસ ગવાહ છે કે માખણના પ્રખ્યાત વેપારી શેઠ જમાલભાઈ હીરજીભાઈ (મસ્કતવાળા) ના પીઠબળના કારણે હાજી નુરમોહમ્મદ મેઘજી, હાજી મોહમ્મદભાઈ શરીફ નાનજી અને હાજી ઈસ્માઈલ સાહેબે (હાજી નાજી સાહેબના પિતાએ) તેમના દીકરા ગુલામઅલીની સાથે મઝહબે એહલેબૈતનો સ્વિકાર કર્યો. તે સમયે મઝહબે એહલેબૈતનો સ્વિકાર કરનાર મૌતને ગળે લગાડતો હતો. છતાંપણ હાજી ઈસ્માઈલ સાહેબે મૌતની પરવાહ કર્યા વિના છેલ્લા શ્વાસ સુધી મઝહબે એહલેબૈતને વળગી રહયા.

“હવાદીસ કે તુફાનમેં

દામન બચાના

અલી કે ગુલામોકી

આદત નહિં હૈ.”

હાજી નાજી સાહેબે જનાબ મુલ્લા કાદિરહુસૈન સાહેબ પાસેથી પ્રાથમિક મઝહબી જ્ઞાન મેળવ્યું ત્યારપછી આદરણીય આલીમેદીન મૌલાના સૈયદ ગુલામહુસૈન સાહેબ કિબ્લા મુજતહીદ (હૈદરાબાદી) એ આપને અરબી, ફારસી અને ફિક્હી વિષય સંબંધિત મઝહબી તઅલીમાતથી સુમાહિતગાર કર્યા.

હાજી નાજી સાહેબે હિજરી સન ૧૩00 મા પોતાના માતા-પિતાની સાથે પવિત્ર મઝારોની ઝિયારત માટે ઈરાન અને ઈરાકની મુસાફરી કરી અને પરત ફરતી વખતે માલેગાંવ (મહારાષ્ટ્ર) મા એક વર્ષ સુધી ઈમામે જુમ્આ અને જમાઅતનું સ્થાન શોભાવ્યું. ત્યાર પછી હુજ્જતુલ ઇસ્લામ આકા સૈયદ ગુલામહુસૈન સાહેબ કિબ્લા મુજતહીદ (હૈદરાબાદી) આપને પોતાની સાથે લઈને ગુજરાતના એક

મશ્હુર શહેર મહુવા આવ્યા જ્યાં આપની મુલાકાત જલાલી અલીહુસૈન માસુમઅલી અને જલાલી ફિદાહુસૈન માસુમઅલી (મુન્શી) સાથે થઇ જેઓ તે સમયે "બહારે મજલીસ" નામનું એક માસિક પ્રકાશિત કરતા હતા તેમજ મઝહબે એહલેબૈત અલય્હેમુસ્સલામ નો પ્રચાર અને ફેલાવો કરવાની ફરજ પણ અંજામ આપતા હતા જેમના પૌત્ર જલાલી સફદરહુસૈન રઝાહુસૈન (માજી તંત્રી ઇસ્નાઅશરી માસિક મુંબઈ) એ ત્રીસ વર્ષ સુધી આફ્રિકાના વિવિધ શહેરોમાં ઈમામે જુમ્આ વ જમાઅતની સેવાઓ આપેલ છે.

ગુજરાતમાં હાજી નાજી સાહેબની પધરામણી પછી પોતાના સમાજની મઝહબી હાલત જોઈ અને પછી ગુજરાતને જ પોતાના માટે જરૂરી સમજી કાયમી વસવાટ કર્યો અને સ્થાયી થયા.

હાજી નાજી સાહેબે ગુજરાતમાં રહીને માત્ર તકરીરો અને પ્રવચનો વડે પોતાના મઝહબી પ્રચારને મર્યાદિત ન

બનવા દીધો પરંતુ તકરીરો અને પ્રવચનોની સાથે મઝહબી લેખન કાર્યને પણ જરૂરી સમજીને હિજરી સન ૧૩૧૦ મા ભાવનગર શહેરથી "રાહે નજાત" નામનું માસિક સામયિક (મન્થલી મેગેઝીન) ગુજરાતી ભાષામાં પ્રકાશિત કર્યું જેથી કરીને ગલી-ગલીએ અને પ્રત્યેક વિસ્તારમાં મઝહબી શિક્ષણને સર્વસામાન્ય બનાવી શકાય. માસિક સામયિક (મન્થલી મેગેઝીન) શરૂ કરતી વખતે હાજી નાજી સાહેબની નિયતમાં ખુલુસ હતો આજ કારણ છે કે ૧૦૦ વર્ષનો સમયગાળો વીતી ગયો હોવા છતાં તે મેગેઝીન આજે પણ ગુજરાતી વર્ગ અને સમાજ માટે "રાહે નજાત" બનેલું છે.

"રાહે નજાત" ના લાભ અને ફાયદાની ગુંજ ફક્ત ગુજરાત સુધી જ મર્યાદિત ન રહી બલ્કે હાજી નાજી સાહેબ જયારે ઈરાન અને ઈરાકની ઝિયારત માટે ગયા અને ઈરાનના આલીમોને મળ્યા ત્યારે તેઓએ આપને ઇઝઝત અને આદરની સાથે મહેમાન બનાવ્યા.

ઈરાકની મુસાફરી દરમ્યાન આયતુલ્લાહિલ ઉઝમા આકા શૈખ મોહમ્મદ હુસૈન સાહેબ કિબ્લા મુજતહીદે આપને ફરમાવ્યું કે :

"હાજી સાહેબ ! તમે તમારી ઝિયારતની મુસાફરીને લાંબી ન બનાવશો દીનનો પ્રચાર અને ફેલાવો વાજીબ છે તેથી ભારત પાછા ફરીને તમારા તબ્લીગી કાર્યને વેગીલું અને ઝડપી બનાવો. અલ્લાહ (જલ્લ.) બેહક્કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અને આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ તમારી તૌફીકાતમાં વધારો કરે અને આપની દીની ખિદમતોને કબૂલ કરે."

આયતુલ્લાહિલ ઉઝમાના આ વાક્યોથી આપના ઉત્સાહ અને હિમ્મતમા વધારે મજબુતી આવી અને ઝિયારતની સફરથી પાછા ફરીને તરત જ પોતાની તકરીરો

અને લેખનકાર્ય વડે દીની તબ્લીગની ક્રાંતિને વધુ વેગીલી બનાવી દીધી.

વિચાર કરો ! આજથી ૭૦-૮૦ વર્ષ પહેલા જયારે કે વાહનવ્યવહારના ઝડપી સાધનો અને માધ્યમો મૌજુદ ન હતા તેવા સમયે હાજી નાજી સાહેબ મુસાફરીની તકલીફો અને યાતના વેઠીને તે નાના-નાના ગામડાઓમાં પહોંચીને નમાઝે જમાઅત અને મજલીસે હુસૈન અલય્હિસ્સલામ નું આયોજન કરતા હતા તેમજ ફીક્હી મસાએલથી અજાણ મોઅમીનોને વુઝુ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝની રીત અને રોઝાના નિયમોની તાલીમ આપતા હતા ત્યાં સુધી કે મજલીસની ન્યાઝ પણ પોતાના ખર્ચે વહેંચતા હતા. જે વિસ્તારમાં મસ્જીદ અથવા ઈમામ બારગાહની કમી અનુભવતા ત્યાં મસ્જીદ અથવા મહેફિલનું બાંધકામ અને ચણતર કાર્ય પણ અંજામ આપતા.

જયારે ખુલુસ નિય્યતના કારણે તબ્લીગી પ્રયત્નોને સતત સફળતા મળતી દેખાવા લાગી તો ઇલાહી મદદ ઉપર

ભરોસો અને યકીન રાખીને હિજરી સન ૧૩૧૪ મા "ઇસ્નાઅશરી પ્રિન્ટીંગ પ્રેસ " નામના એક પ્રેસની સ્થાપના કરી. જેમાં સૌપ્રથમ ગુજરાતી લિપિમાં કુરઆને કરીમ છાપીને અરબી લખાણમાં કુરઆન ન વાંચી શકતા મોઅમીનો માટે ઇલાહી કલામના વાંચન અને અભ્યાસનો માર્ગ કરી આપ્યો.

ગુજરાતી લિપિમાં કુરઆને મજીદના પ્રકાશનથી એક ખળભળાત મચી ગયો પરંતુ હાજી નાજી સાહેબે ખુબ જ સુંદર અંદાઝમાં જવાબ આપીને વિરોધીઓના મોઢાં બંધ કરી દીધા એટલું જ નહિં ગુજરાતી કુરઆન સર્વસ્વીકૃત બની ગયા પછી અઅમાલ અને "દોઆઓનો મજમુઓ" નામની એક કિતાબ પ્રકાશિત કરી જે એટલી હદે ફાયદાકારક સાબિત થઇ કે આજે દરેક ગુજરાતી શિયાના ઘરમાં જોવા મળે છે.

કુરઆન અને મજમુઆની સર્વસ્વકૃતિ જોઈને હાજી નાજી સાહેબે પોતાની તમામ શક્તિ અનુવાદ, પુસ્તકલેખન અને સંકલનમાં ખર્ચ કરી નાખી પરિણામ સ્વરૂપે ગુજરાતી

ભાષાની કિતાબોનો પુરતો સંગ્રહ લોકોના હાથોમાં દ્રશ્યમાન થયો.

આપે ખૂબ જટૂંક સમયમાં તફસીર, દોઆઓ, ઇતિહાસ, અખ્લાક અને મજલીસો વિષેની ચારસો (૪૦૦) કિતાબોની રચના અને સંકલન કર્યું જેમાં અખ્લાકના ઇલ્મ સંબંધિત કિતાબ "મેઅરાજુસ્સઆદહ" (સંકલન : અલ્લામા નરાકી સાહેબ) જેવી પૂર્ણતમ અને લાભદાયક ફારસી કિતાબ પણ શામિલ છે જેને ભારતમાં સૌપ્રથમ ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને નવી અને જૂની પેઢીને અખ્લાની "રાહે નજાત" દેખાડી આપી.

અલ્લામા હાજી નાજી સાહેબે હિજરી સન ૧૩૧૦, ૨૫ મી ઝીલ્કાદના બરકતવાળા દિવસે ભાવનગરથી "રાહે નજાત" નામના માસિક સામયિક (મન્થલી) નો પ્રારંભ કર્યો જેમાં તબ્લીગી અંદાઝથી ઈલ્મના દરીયા વહાવી દીધા અને ગુજરાતી ભાષા જાણનારા વર્ગમાં તે ખૂબ જ લોકપ્રિય બન્યું.

કૌમનો સાથ-સહકાર ન મળવાને કારણે ‘અલમદાર’ (મુંબઈ) અને ‘બહારે મજલીસ’ (મહુવા) જેવા સામયિકોએ દમ તોડી દીધો પરંતુ હિજરી સન ૧૪૦૯ મા ‘રાહે નજાત’ સામયિકને સો (૧૦૦) વર્ષ પુરા કરવાની પ્રતિષ્ઠા અને ગૌરવ પ્રાપ્ત થયું. જયારે ઈ.સ. ૧૯૪૨ મા ‘રાહે નજાત’ નો ગોલ્ડન જયુબીલી સોવેનિયર લોકોના હાથોમાં આવ્યો ત્યારે હાજી ઈસ્માઈલભાઈ અબ્દુલકરીમ પંજુએ પોતાના એક સંદેશમાં જણાવ્યું હતું કે : “હાજી નાજી સાહેબ આ સમયના ‘ખોજા સમાજને’ ને અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જનારા મહાન વ્યક્તિત્વનું નામ છે.”

આજે પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને આફ્રિકા સુધી હાજી નાજી સાહેબે પ્રજવલિત કરેલો હિદાયતનો દિપક પ્રકાશી રહયો છે. આપે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ સત્ય ધર્મના પ્રચાર,પ્રસાર અને ફેલાવામાં વાપરી નાખી અને તેમના

પ્રયત્નોના ફળસ્વરૂપે મઝહબે એહલેબૈતની તબ્લીગનું કાર્ય આજે પણ ચાલુ છે અને કયામત સુધી ચાલુ રહેશે.

હિજરી સન ૧૩૫૧ (૧૬ મી નવેમ્બર, ઈ.સ. ૧૯૩૨) ના દિવસે હાજી નાજી સાહેબની જિંદગીમાં ભૂકંપ આવી ગયો કોને ખબર કેમ અને કઈ રીતે પ્રિન્ટીંગ પ્રેસમાં અચાનક આગ લાગી ગઈ. હકીકતમાં તે આપના પ્રેસમાં આગ લાગી ન હતી બલ્કે હાજી નાજી સાહેબના અરમાનોમાં આગની જવાળાઓ ભભુકી ઉઠી હતી જેમાં નાયાબ અને મૂલ્યવાન કિતાબો તેમજ તે નુસ્ખાઓ જેને પોતાના હાથે રાત્રે જાગીને લખ્યા હતા તે તમામ લખાણ બળીને રાખ થઇ ગયું. તે સમયમાં આ નુકસાન રૂ. ૫૫૦૦૦/- (પંચાવન હજાર) થી પણ વધારે હતું.

મધ્યરાત્રિએ એકાએક આગ ભડકી ઉઠી. પાડોશીઓએ આગની સળગતી જવાળાઓમાંથી હાજી સાહેબના પરિવારના સભ્યોને બહાર કાઢ્યા અને આશ્વાસન

આપવા લાગ્યા. તે સમયે આ સિત્તેર વર્ષના વયોવૃધ્ધ વ્યક્તિએ હસતા ચહેરે રસૂલેખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ની એક હદીસ બયાન કરી:

“દરેક ચાલીસ દિવસ પછી મોઅમીનનું ઇમ્તેહાન લેવામાં આવે છે.”

જયારે ફાયર બ્રિગેડના માણસોએ હાજી સાહેબને કહ્યું કે આ મકાનમાંથી કોઈ કિંમતી ચીજ બચાવીને લાવવી હોય તો હુકમ કરો ત્યારે હાજી નાજી સાહેબે ફરમાવ્યું :

“જો તમે બચાવી શકતા હો તો મઝહબી કિતાબો અને હિસાબના કાગળો બચાવી લાવો કારણ કે તેમાં કેટલાક લોકોની અમાનતનો હિસાબ પણ છે.”

આટલું મોટું નુકસાન થયું હોવા છતાંપણ હાજી નાજી સાહેબે સબ્ર અને ધીરજનો દામન છોડ્યો નહિં બલ્કે ફરી હિમ્મત એકઠી કરી સત્ય ધર્મના પ્રચાર, પ્રસાર અને ફેલાવા માટે આગળ વધવા લાગ્યા.

વર્લ્ડ ફેડરેશનના માજી પ્રમુખ મરહુમ અલ્હાજ મુલ્લા અસગરઅલી એમ. એમ. જાઅફર સાહેબ ‘આઉટલાઈન ઓફ ખોજા શિયા ઇસ્નાઅશરી કોમ્યુનીટીઝ ઇન ઇસ્ટર્ન આફ્રિકા’ કિતાબમાં લખે છે કે :

“એ તો દરેકને ખબર છે કે ઘણાં બધા ઈસ્માઈલી લોકોએ આફ્રિકામાં સ્થાયી થયા પછી મઝહબે એહલેબૈત સ્વિકારી લીધો હતો. તેઓ માટે આફ્રિકા અને મઝહબે એહલેબૈત બંને નવી બાબતો હતી. તેવા સમયે ‘રાહે નજાત’ સામયિક મારફત તેઓને મઝહબની જાણકારી મળતી હતી. આફ્રિકામાં ઘણા ખોજા લોકોએ હાજી નાજી સાહેબની કિતાબો વડે ‘ઝાકેરી’ શીખી લીધી હતી.

હાજી નાજી સાહેબે તે સમયની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ‘જેહાદ બિલ કલમ ’ (કલમ વડે જેહાદ) કર્યો. તે સમયના યુવાન છોકરા-છોકરીઓ અને પરિણીત સ્ત્રી-પુરૂષોના પ્રશ્નો-મસાએલનો ઉકેલ ખૂબીપૂર્વક પોતાની કલમ અને જુદા-

જુદા વિષયો મારફતે કિતાબ તેમજ સામયિકના સ્વરૂપમાં આપતા રહયા. સમાજમાં જોવા મળતા શરીઅત વિરૂધ્ધના રીત-રીવાજો અને પ્રણાલિકાઓ વિરૂધ્ધ હાજી નાજી સાહેબે કોઈપણ પ્રકારના ભય અને ડર વિના પોતાનો અવાજ બુલંદ કર્યો. જયારે સમાનતાનો પ્રશ્ન (મસઅલએ મુસાવાત) લોકો વચ્ચે અંતરાય અને અડચણ ઉભી કરવા લાગ્યો ત્યારે આપે અઅલમ પાસે લેખિતમાં જવાબ મંગાવી ‘રાહે નજાત ’ સામયિકમા પ્રસિધ્ધ કર્યો અને કૌમને વિભાજિત થવાથી બચાવી લીધી હતી.

સ્ત્રીઓમાં ત્યાગ, બલિદાન અને કુરબાનીની ભાવના જાગૃત કરવા માટે હાજી નાજી સાહેબે તે કિતાબોનું સર્જન કર્યું જે આજે પણ સ્ત્રીઓ માટે માર્ગદર્શક બનેલી છે જેમાં નીચેની કિતાબો ઉલ્લેખનિય છે.

| | |
|---|---|
| • તોહફતુલ | • શાહાઝાદી અબ્બાસા |

| | |
|---|---|
| મોઅમેનાત | |
| • કુલસુમનું કિસ્મત | • શાહઝાદી મલકા |
| • શાહઝાદી હુર | • અહવાલુન્નિસા |
| | • ઝહરાબાનું |

આ ઉપરાંત આપે અનુવાદ કરેલી, પોતે રચના કરેલી અને સંકલન કરેલી તે કિતાબો જેનાથી મોઅમીનો ફાયદો મેળવી રહયાં છે અને જે કિતાબો હાલમાં પ્રાપ્ય છે તેની યાદી નીચે મુજબ છે :

| **વિષય : કુરઆન** | |
|---|---|
| ૧. | કુરઆને કરીમની તફસીર, પાંચ ભાગમાં (ગુજરાતી લિપિ અને અરબી લખાણ) |
| ૨. | કુરઆને મજીદ : ગુજરાતી તરજુમો |

| | |
|---|---|
| ૩. | કુરઆને મજીદ : ઉર્દૂ તરજુમો |
| ૪. | કુરઆને મજીદ, તરજુમો, પોકેટ સાઇઝ |
| ૫. | કુરઆને મજીદ, એક સફ્હ (પેજ) માં |
| ૬. | કુરઆને મજીદ, પોસ્ટકાર્ડ સાઇઝ |
| ૭. | કુરઆને મજીદ, જેની દરેક લાઈન અલીફથી શરૂ કરવામાં આવી છે |
| ૮. | કુરઆને મજીદ, ગુજરાતી લિપિ |
| **વિષય : દોઆ** | |
| ૯. | તોહફતુલ મોઅમેનીન<br>(૩૭.) સહીફએ કામેલા |
| ૧૦. | તોહફએ હાશમી<br>(૩૮.) દુઆએ સેમાત |
| ૧૧. | તોહફએ શરીફીય્યહ<br>(૩૯.) સવાબે સલવાત |
| ૧૨. | તોહફએ નજરીય્યહ |

| | |
|---|---|
| | (૪૦.) મુરાદે દિલ |
| ૧૩. | તોહફએ નાજી<br>(૪૧.) મજમુએ સલવાત |
| ૧૪. | તોહફએ મૌલુદ<br>(૪૨.) વઝીફહ |
| ૧૫. | તોહફએ પીર<br>(૪૩.) મરકી દૂર થવાની મુનાજાત |
| ૧૬. | તોહફએ વલી<br>(૪૪.) તાવીઝે અઅઝમ |
| ૧૭. | તોહફએ પીરભાઈ<br>(૪૫.) કન્ઝુલ અર્શ |
| ૧૮. | તોહફએ મોલૂ<br>(૪૬.) કન્ઝે મખ્ફી |
| ૧૯. | તોહફએ અલી<br>(૪૭.) ખઝીનએ રહેમત |

| | |
|---|---|
| ૨૦. | તોહફએ કાસીમીય્યહ<br>(૪૮.) જવશને સગીર |
| ૨૧. | પાંચ અઅમાલની પુસ્તિકા<br>(૪૯.) જવશને કબીર |
| ૨૨. | દુર્રે મકસૂદ<br>(૫૦.) ઝાદુસ્સાલેહીન |
| ૨૩. | દુર્રે આદાબ<br>(૫૧.) ઝિયારતે જામેઆ કબીરા |
| ૨૪. | દુર્રે જઅફરી<br>(૫૨.) ઝિયારતે વારેસા |
| ૨૫. | દુઆએ કુમૈલ<br>(૫૩.) તોહફતુસ્સાએમીન |
| ૨૬. | હદીસે કિસાઅ<br>(૫૪.) તોહફતુલ મોઅમેનાત |
| ૨૭. | દુઆએ મશ્લુલ |

| | |
|---|---|
| | (૫૫.) તોહફતુલ હુજ્જાજ |
| ૨૮. | દુઆએ નુર<br>(૫૬.) તોહફતુલ ઝાએરીન |
| ૨૯. | દુઆએ અદીલહ<br>(૫૭.) તોહફતુલ આબેદીન |
| ૩૦. | દુઆએ નુર (તાવીઝ)<br>(૫૮.) તોહફતુલ હાજાત |
| ૩૧. | દુઆએ મુજીર<br>(૫૯.) તોહફતુલ અત્ફાલ |
| ૩૨. | નુરૂલ ઓયુન<br>(૬૦.) દુઆએ તુસી |
| ૩૩. | નજાતુદ દારૈન (ગુજરાતી)<br>(૬૧.) તોહફતુલ અવામ |
| ૩૪. | નજાતુદ દારૈન (ઉર્દૂ)<br>(૬૨.) દોઆઓનો મજમુઓ |

| | |
|---|---|
| ૩૫. | અઅમાલે ઈદૈન |
| ૩૬. | હદીયએ ઈનાયત |

## વિષય : ઇસ્લામી ઇતિહાસ, અંબિયા અને અઈમ્મા અલય્હિસ્સલામ ના જીવનવૃતાંત

| | |
|---|---|
| ૬૩. | કસસુલ અંબિયા |
| ૬૪. | કસસુલ ઓલમા |
| ૬૫. | હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ના જીવન પ્રસંગો |
| ૬૬. | હઝરત અલી અલય્હિસ્સલામ ના જીવન પ્રસંગો |
| ૬૭. | જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હા |
| ૬૮. | હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ ના જીવન પ્રસંગો |
| ૬૯. | હઝરત ઈમરાન અલય્હિસ્સલામ |
| ૭૦. | આપણો ઇતિહાસ |
| ૭૧. | ઇસ્લામ |

| | |
|---|---|
| ૭૨. | લોઅલો વલ મરજાન |
| ૭૩. | આપણા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ |
| ૭૪. | ઈમામે મુબીન |
| ૭૫. | નફ્સે રસૂલ |
| ૭૬. | ખિઝરે ખુરાસાન |
| ૭૭. | સિરતે અઈમ્મહ |
| ૭૮. | ઉમ્મહાતુલ મોઅમેનીન |
| ૭૯. | સાબિતનામા |
| ૮૦. | મુખ્તારનામા |
| ૮૧. | કમરે બની હાશિમ |
| ૮૨. | હઝરત યુસુફ અલય્હિસ્સલામ નો કિસ્સો |
| ૮૩. | શહીદે સાલીસ (અ.ર.) |
| ૮૪. | જંગે બીરૂલ અલમ |
| ૮૫. | જંગે જમલ અને જંગે સીફ્ફીન |

| | |
|---|---|
| ૮૬. | જંગે ખૈબર |
| **વિષય : કરબલા, અઝાદારી અને ગમે એહલેબૈત અલય્હેમુસ્સલામ** | |
| ૮૭. | ઝાયકએ માતમ |
| ૮૮. | ઝાદુલ આખેરત |
| ૮૯. | ફઝાએલે એહલેબૈત અલય્હેમુસ્સલામ |
| ૯૦. | અય્યામે મસર્રત |
| ૯૧. | અય્યામે ગમ |
| ૯૨. | અસીરાને માતમ |
| ૯૩. | શણગારે મજલીસ |
| ૯૪. | શહાદતુલ અવલીયા |
| ૯૫. | અહવાલે કરબલા |
| ૯૬. | અહવાલે મઅસૂમીન |
| ૯૭. | રવ્ઝતુ શ્શોહદા |
| ૯૮. | અલ હાદી |

| | |
|---|---|
| ૯૯. | મોહર્રમ નામા |
| ૧૦૦. | ચશ્મએ ગમ |
| ૧૦૧. | મસાએબુલ અબરાર |
| ૧૦૨. | મજમુઅ – એ – મરસીયા |
| ૧૦૩. | શહાદતની ફિલોસોફી |
| **વિષય : નૌહા, મરસિયા** | |
| ૧૦૪. | સફીનએ માતમ<br>(૧૧૪.) ગમે આશુરા |
| ૧૦૫. | સૈલાબે અશ્ક<br>(૧૧૫.) ગુલઝારે કરબલા |
| ૧૦૬. | નહરે ગમ<br>(૧૧૬.) ગુલઝારે કુલસુમ |
| ૧૦૭. | બહરે ગમ<br>(૧૧૭.) ગુલિસ્તાને અઝા |
| ૧૦૮. | બહરૂલ મસાએબ |

| | |
|---|---|
| | (૧૧૮.) ચશ્મે ગમ |
| ૧૦૯. | દો મરસીયે કી બયાઝ<br>(૧૧૯.) રૌનકે માતમ |
| ૧૧૦. | ખઝીનએ માતમ<br>(૧૨૦.) ઝુલ્ફીકારે માતમ |
| ૧૧૧. | ગુલિસ્તાને પંજેતન<br>(૧૨૧.) ઝુલ્ફીકારે હૈદરી |
| ૧૧૨. | ગુલશને માતમ<br>(૧૨૨.) દુર્રે બેહા |
| ૧૧૩. | ગમે મુબ્તેલા<br>(૧૨૩.) દરીયાએ ગમ |
| **વિષય : સ્ત્રી** | |
| | (કાબિલે દાદ કિતાબો, જેનો અગાઉ ઉલ્લેખ કરી ચૂક્યા છીએ.) |
| ૧૨૪. | કુલસુમનું કિસ્મત |

| | |
|---|---|
| | (૧૩૦.) અહવાલુન્નિસા |
| ૧૨૫. | ખૈરૂન્નીસા<br>(૧૩૧.) અનવરી બેગમ |
| ૧૨૬. | સુંદરી કે શૈતાન ?<br>(૧૩૨.) ઝહેરાબાનું |
| ૧૨૭. | શહેઝાદી અબ્બાસા<br>(૧૩૩.) અસ્કરી બેગમ |
| ૧૨૮. | શહેઝાદી હુર<br>(૧૩૪.) સલીમી ખાતુન |
| ૧૨૯. | શહેઝાદી મલેકા |
| **વિષય : મોઅજીઝા, ઈન્સાનના હકકો** | |
| ૧૩૫. | કરબલાકે તાઝાતરીન મોઅજેઝાત |
| ૧૩૬. | મુશ્કીલ કુશાકા મોઅજીઝા |
| ૧૩૭. | એઅજાઝે સય્યદા  સલામુલ્લાહે અલય્હા |
| ૧૩૮. | નયા મોઅજીઝા |

| | |
|---|---|
| ૧૩૯. | માતા-પિતાના હક |
| ૧૪૦. | માનવજીવન |
| ૧૪૧. | બાપ અને દિકરો |
| ૧૪૨. | આદાબે મુજમેઆત |
| ૧૪૩. | ઈબાદત |
| ૧૪૪. | શિક્ષક અને વિદ્યાર્થી |
| ૧૪૫. | તહેઝીબુલ ઇન્સાન |
| ૧૪૬. | મેઆરજુસ્સઆદહ |
| **પોતાની જવાબદારીને ધ્યાનમાં લઈને ઉસુલેદીન, ફૂરૂએ દીન તેમજ અન્ય જાણકારી સંબંધિત કેટલીક કિતાબો પ્રસિધ્ધ કરી, જેમાંથી કેટલીક નીચે મુજબ છે.** | |
| ૧૪૭. | ખુદા<br>(૧૬૧.) રૂહની હકીકત |
| ૧૪૮. | ખુદાની રહેમત<br>(૧૬૨.) નેઅમત |

| | |
|---|---|
| ૧૪૯. | કહ્રે ઝુલજલાલ<br>(૧૬૩.) વિશ્વધર્મ ઇસ્લામ |
| ૧૫૦. | અઝાબે કબ્ર<br>(૧૬૪.) હિમાયતુલ ઇસ્લામ |
| ૧૫૧. | ખુદા કી હસ્તી<br>(૧૬૫.) સીરાતે મુસ્તકીમ (ઉર્દૂ) |
| ૧૫૨. | જન્નત-જહન્નમ<br>(૧૬૬.) સીરાતે મુસ્તકીમ (ગુજરાતી) |
| ૧૫૩. | જન્નતુલ એબાદ<br>(૧૬૭.) ઝુલ્મની સજા |
| ૧૫૪. | મૌતથી મઆદ<br>(૧૬૮.) સુવાના આદાબ |
| ૧૫૫. | માઅરેફત<br>(૧૬૯.) વેપારઅને શિક્ષણ સંબંધિત હદીસો |
| ૧૫૬. | તકલીદ (ઉર્દૂ) |

| | |
|---|---|
| | (૧૭૦.) હજાર હદીસો |
| ૧૫૭. | તકલીદ (ગુજરાતી)<br>(૧૭૧.) એહકામુલ વારેસીન |
| ૧૫૮. | રાહે હક |
| ૧૫૯. | રાહે ઈમાન |
| ૧૬૦. | રાહે ફીરદૌસ |
| **‘હકીમુલ મીલ્લત’ હાજી નાજી સાહેબ બાળકોને પણ ભૂલ્યા નથી. તેઓ માટે પણ કેટલોક ખઝાનો મૂકી ગયા છે.** | |
| ૧૭૨. | હમારી તઅલીમ<br>(૧૭૪.) ચિરાગે હિદાયત |
| ૧૭૩. | વાજીબાતે નમાઝ<br>(૧૭૫.) મુસ્તહબાતે નમાઝ |
| | **આ ઉપરાંત અન્ય બસ્સો (૨૦૦) કિતાબો લોકો સમક્ષ રજૂ કરી, જેમાંથી કેટલીક પ્રાપ્ય છે અને કેટલીક નથી:** |

| | |
|---|---|
| ૧૭૬. | હઝરત યુસુફ અલય્હિસ્સલામ ની કહાની<br>(૧૮૨.) મૌલાના કલામ |
| ૧૭૭. | બિલોહર અને યુઝાઅફની કહાની<br>(૧૮૩.) મૌલાનો ફાતેહા |
| ૧૭૮. | સુબોધ વાર્તા<br>(૧૮૪.) બોસ્તાને કરબલા |
| ૧૭૯. | હૈદરે કર્રાર<br>(૧૮૫.) અમ્મા પારહ (ગુજરાતી) |
| ૧૮૦. | ઉર્દુની કિતાબ<br>(૧૮૬.) અમ્મા બગદાદી |
| ૧૮૧. | એકસો (૧૦૦) વાર્તા<br>(૧૮૭.) ખુશ્બુએ બેહિશ્ત |

એવું હરગીઝ નથી કે આપે સમયની જરૂરતોને પૂરી ન કરી. જયારે સમાનતાની બહેસ પોતાની ટોચ ઉપર હતી ત્યારે આપે નીચે મુજબની કૃતિઓ રજૂ કરી :

(૧૮૮.) હકીકતુલ મુસાવાત

(૧૮૯.) પુનર્જન્મની માન્યતાના ઇન્કારમાં ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો

(૧૯૦.) ‘પાંચ વિરોધોના જવાબ’ લખીને દુશ્મનના દાંત ખાટા કરી દીધા

(૧૯૧.) ‘આર્યમઝ હબ્રકા રદ ’ લખીને દુશ્મનોને મુંહ તોડ જવાબ આપ્યો

(૧૯૨.) ‘મેઅરાજ નામા ’ લખીને આપણા અકીદાને જાહેર કર્યો

(૧૯૩.) ‘નહજુલ બલાગાહ ’ નો અનુવાદ કરીને ગુજરાતી સાહિત્યના સાગરમાં એક કિંમતી ઉમેરો કર્યો

હાજી નાજી સાહેબે પોતાને ફક્ત મઝહબી લેખનકાર્ય, તકરીરો, પ્રવચનો, મજલીસો અને મીમ્બર સુધી જ મર્યાદિત રાખ્યા ન હતા બલ્કે સામાજિક અને કલ્યાણકારી કર્યો અને પ્રવૃત્તિઓમાં પણ પોતાની સાબિત કદમી અને

અડગતાને જાહેર કરી હતી. લગભગ સંવત ૧૯૮૩ માં ભાવનગરમાં એક ઇસ્નાઅશરી બોર્ડીંગની સ્થાપના કરી જેની જાણકારી આપણને હિજરી સન ૧૩૪૬ ના 'રાહે નજાત' ના ખાસ અંકના રિપોર્ટ મારફત મળે છે.સંવત ૧૯૮૩ માં માત્ર પાંચ બાળકો સાથે આ બોર્ડીંગની સ્થાપના કરવામાં આવી. માત્ર એક વર્ષ પછી આ બોર્ડીંગમાં બાવીસ બાળકો દીની અને દુન્યવી શિક્ષણનો લાભ મેળવી રહયા હતા. આ બાવીસ બાળકોમાં આપણી કૌમના બુઝુર્ગ અને મઅસૂમીન ટ્રસ્ટના તેમજ ઘણા બધા નેક કાર્યો અંજામ આપનાર અલ્હાજ ગુલામઅલીભાઈ ભાણજી જીવરાજ (અનીસુલ મદારીસ) એ પણ તરબીયત મેળવી હતી. હાજી ગુલામઅલી ભાણજીભાઈને આ બોર્ડીંગમાં ૨૪ મી શાબાન હિજરી સન ૧૩૪૫ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

( **નોંધ** : હાજી ગુલામઅલી ભાણજીભાઈ, જેમણે મારા ગામ ધંધુકામાં મરહુમ ગુલામઅબ્બાસભાઈ કેશવાણીની

દેખરેખ હેઠળ મદ્રેસાની સ્થાપના કરી હતી અને ઈમામ બારગાહનો પાયો નાંખ્યો હતો તેમજ અન્ય ભલાઈના કાર્યોમાં આગળ વધીને ભાગ લીધો હતો. – **લેખક : અલિફ. લામ. જલાલી)**

નુરમોહમ્મદ વલીભાઈ વજીર સુણસરાએ તારીખ ૨૩. ૦૪. ૧૯૨૭ ના પોતાના એક પત્ર મારફત તેમજ પી. ધરમપુરી (તુલસી પીલુ રોડ, દાદર) એ તારીખ ૨૮. ૦૬. ૧૯૨૭ ના પોતાના એક પત્રમાં હાજી નાજી સાહેબની આ બોર્ડીંગની દિલ ખોલીને પ્રસંશા અને સરાહના કરી છે.

હાજી નાજી સાહેબે જે બોર્ડીંગની સ્થાપના કરી હતી અને જે સ્વપ્ન સેવ્યુ હતું તેને સાકાર કરવાના પ્રયત્નરૂપે આપની વફાત પછી ભાવનગરના જાણીતા સમાજસેવક અલ્હાજ ગુલામહુસૈનભાઈ મેઘાણી (મોટાભાઈ) એ નવેસરથી ‘હાજી નાજી બોર્ડીંગ ’ નો પાયો નાંખ્યો જે આજે સફળતાની ટોચ ઉપર છે જેમાં હાલ પચાસ (૫૦) બાળકો લાભ લઇ

રહયા છે જે બદલ હાજી ગુલામહુસૈનભાઈ મેઘાણી (મોટાભાઈ) ધન્યવાદને પાત્ર છે.

હાજી નાજી સાહેબની સાહિત્યિક સેવાઓને અમર રાખવા માટે એમની વફાતના પચાસમાં વાર્ષિક દિવસે તેમના પૌત્ર હાજી મોહસીનઅલીભાઈ કવસરી ભાવનગર આ કાર્યક્રમમાં પધારેલ ત્યારે હાજી નાજી સાહેબની જે કિતાબો કરાંચીથી મંગાવવી પડતી હતી, જેમાં ઘણી મુશ્કેલી પડતી હતી તે માટે અલ્લામા હાજી નાજી સાહેબની કિતાબોને નવેસરથી છાપીને પ્રસિધ્ધ કરવા માટે "હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ " ને હાજી મોહસીનભાઈએ મંજૂરી આપેલ જેના કારણે આ ટ્રસ્ટે હાજી નાજી સાહેબની કિતાબો પ્રેસમાં તથા વેબસાઈટ ઉપર ખુલ્લી મૂકેલ છે જેનો લબ લાભ દેશવિદેશના મોઅમીન બિરાદરો લઇ રહયા છે.

વાંચકોને ‘હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ ’ ની નીચે મુજબની અધિકૃત વેબસાઈટની મુલાકાત લઇ કિતાબોનું વાંચન કરવા નમ્ર ગુઝારીશ છે:

**[www.hajinaji.com]** અને **[www.hajinajitrust.com]**

આપણે હાજી નાજી સાહેબના તે કાર્યોને પણ નજર અંદાઝ ન કરવા જોઈએ જેમને આપે સખ્તીઓ વેઠીને અને યાતનાઓ સહન કરીને અંજામ આપ્યા હતા જેમાંથી કેટલાક પ્રસંગો નીચે મુજબ છે:

હાજી નાજી સાહેબની સત્ય મઝહબના પ્રચાર અને પ્રસાર (તબ્લીગ) ના કાર્યો માટેની મુસાફરીની યાતનાઓ અને તકલીફોનો ઉલ્લેખ કરતા જનાબ મુનીસ વરતેજી સાહેબે એક પ્રસંગ બયાન કાર્યો છે.

એક નાનકડા ગામમાં મસ્જીદ કે ઇમામવાડાની વ્યવસ્થા ન હતી. માત્ર એક નાનકડું જમાતખાનું હતું જેમાં

કેટલાક લોકો કોઈકના આવવાની રાહ જોઈ રહ્યા હતા. છગનકાકાને સવારે દસ કલાકે  બે બાળકોને સાથે લઈને સ્ટેશને પહોંચવાનો હુકમ આપવામાં આવ્યો. અમે બળદગાડું લઈને છગનકાકાની સાથે રેલ્વે સ્ટેશને પહોંચ્યા. ઘણી રાહ જોયા પછી ટ્રેન પ્લેટફોર્મ પર આવીને ઉભી રહી. થર્ડ ક્લાસના ડબ્બામાંથી એક પાંચ ફૂટ ઉંચા નૂરાની ચહેરાવાળા શખ્સ બહાર આવ્યા. તેમનું શરીર ભરાવદાર હતું લાંબી અને નૂરાની દાઢી હતી તથા માથા ઉપર કાળી ટોપી પહેરી હતી. આ જોઈ અમે જાણી ગયા કે આજ આપણા મહેમાન હોઈ શકે છે.મહેમાનના એક હાથમાં લાકડી અને ખભા ઉપર બેગ હતી.અમે આગળ વધીને તેમને આવકાર્યા. મહેમાન પણ અમને એવી રીતે મળ્યા જાણે કે આપ અમને વર્ષોથી ઓળખતા હતા.

અમે મહેમાનને લઈને જમાતખાને આવી પહોંચ્યા. જમાતખાનામાં ગામના વડીલો અને નાના-મોટા સૌ હાજર

હતા. કોઈપણ પ્રકારના ઘોંઘાટ કે અવાજ વિના મહેમાને બધા સાથે મુસાફેહો કર્યો અને એક ચટાઈ ઉપર સૌની સમાન રીતે બેસી ગયા. આ હતી સાદગીની જીવંત તસ્વીર, હાજી નાજી સાહેબ.....!

કુરઆને કરીમની તિલાવત પછી સૌપ્રથમ ૧૫-૨૦ મીનીટ સુધી બાળકો સાથે સવાલ-જવાબનો ક્રમ યથાવત રહયો. ત્યાર પછી બાળકોને ઇનામો વડે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

ઝોહર-અસરની નમાઝ પછી બીજા અંકમાં સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન અલય્હિસ્સલામ ની મજલીસ હતી જેમાં હાજી નાજી સાહેબે તૌહીદની સાચી ઓળખ (મઅરેફત) અને એહલેબૈત અલય્હેમુસ્સલામ ના વિષય ઉપર તકરીર કરી. અંતમાં આપે દોઆ કરી:

“અય જગતના પાલનહાર ! મારી દિલી તમન્ના છે કે આનાનકડાં ગામમાં એક મસ્જીદ અને એક ઈમામવાડાની

વ્યવસ્થા થાય હું આ ગામના પ્રત્યેક મોઅમીનને નમાઝી જોવા ઈચ્છું છું તેમજ શાનદાર મદ્રેસાની પણ સ્થાપના થાય જેના વડે મઝહબે એહલેબૈતનું શિક્ષણ પણ સર્વસામાન્ય બને.”

હાજી નાજી સાહેબે દીની પ્રચાર-પ્રસાર અને તબ્લીગની વ્યસ્તતા છતાં પોતાના બાપ-દાદાનો વ્યવસાય (ચામડાનો વેપાર) તર્ક કર્યો ન હતો. આપ પોતાના વેપારની આવકમાંથી જીવન પસાર કરતા હતા. આપે પોતાની વ્યક્તિગત આવકમાંથી ભાવનગર ખાતે ‘રાહે નજાત ’ સામયિકનો પ્રારંભ કર્યા પછી હિજરી સન ૧૩૧૪ માં અમદાવાદમાં પોતાનો અંગત પ્રિન્ટિંગ પ્રેસ પણ શરૂ કર્યો હતો જેનું નામ ‘ઇસ્નાઅશરી પ્રિન્ટિંગ પ્રેસ ’ રાખવામાં આવ્યું હતું. પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કર્યા પછી આપે ભાવનગર થી અમદાવાદ સ્થળાંતર કર્યું અને અમદાવાદને પોતાની કાયમી વસવાટની જગ્યા બનાવી લીધી હતી.

અમદાવાદ વસવાટ દરમ્યાન આપે અનુભવ્યું કે જમાતને કબ્રસ્તાનની અત્યંત જરૂરત છે આપે કબ્રસ્તાન માટે જમીન ખરીદી અને ખોજા શિયા ઇસ્નાઅશરી જમાત અમદાવાદ માટે વકફ કરી દીધી.

(નોંધ : આજે અમદાવાદ શહેરમાં સમગ્ર શિયા ઇસ્નાઅશરી સમાજ અને એહલેબૈત અલય્હેમુસ્સલામ ના અનુયાયીઓ માટે એક સર્વસામાન્ય (કોમન) કબ્રસ્તાનની તાતી જરૂરત છે કારણ કે ખોજા, મોઅમીન અને સૈયદ જમાત સિવાયના શિયા ઇસ્નાઅશરી લોકો માટે કબ્રસ્તાનની કોઈ વ્યવસ્થા ન હોવાને કારણે તેમને એહલે સુન્નત વલ જમાઅતના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે છે.

તેથી છે કોઈ હાજી નાજી સાહેબની જીવન પધ્ધતિ ઉપર અમલ કરનાર જે 'શિયા ઇસ્નાઅશરી કબ્રસ્તાન ' ની સ્થાપના અને વ્યવસ્થા માટે આગળ આવે ? .. ? **લેખક : અલિફ. લામ. જલાલી**)

ખૈર ! હાજી નાજી સાહેબે પ્રિન્ટિંગ પ્રેસ ખરીદયા પછી સૌપ્રથમ જયારે કુરઆને કરીમને ગુજરાતી લિપિમાં પ્રસિધ્ધ કર્યું ત્યારે ચારે તરફથી વિરોધનો વંટોળ ઉભો થવા લાગ્યો તેમજ યાતનાઓ અને પ્રહારોનું પ્રમાણ વધવા લાગ્યું. ટૂંક સમયમાં સમાજમાં ફિરકા અને ફાંટા પડી જાય તેવી શક્યતા હતી તેથી સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને નાછૂટકે આપને ખંભાત શહેરને પોતાનું આશ્રયસ્થાન બનાવવું પડયું. ત્યાં આપની મુલાકાત ઉર્દૂ શાળાના શિક્ષક – તાલુકા હેડમાસ્ટર જનાબ કુરબાનઅલી રૌનકઅલી જલાલી સાહેબ સાથે થઇ. (તેમણે ખુઈ સાહેબની 'તવઝીહુલ મસાઈલ' નો ફારસી ભાષામાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો.)

ફરી જયારે અમદાવાદની પરિસ્તિથી સાનૂકુળ અને શાંત બની ગઈ તો આપ અમદાવાદ પરત ફર્યા.

હાજી નાજી સાહેબ જે કાંઈ પણ સેવાના કાર્યો કરતા હતા તેમાં તેમનો હેતુ માત્ર અલ્લાહની ખુશી મેળવવાનો જ રહેતો હતો. આપે કદીપણ કોઈ કામ પોતાની પ્રસિધ્ધી કે નામના માટે ન કર્યું. સાચા મઝહબની તબ્લીગ અને તેના પ્રચાર-પ્રસાર પ્રત્યે લાગણીભાવ, આકર્ષણ અને જોશ ધરાવતા હાજી નાજી સાહેબે તબ્લીગી હેતુ માટે ઘણીવાર બળદગાડા મારફત અથવા પગપાળા નાના ગામડાંઓ સુધી મુસાફરી કરી. તે ઝમાનામાં ઝડપી મુસાફરી અને વાહનવ્યવહારના ઝડપી સાધનો પણ પ્રાપ્ય અને સરળ ન હતા. બલ્કે ગામડાંના કાચા અને ખાડા-ટેકરાવાળા માર્ગો ઉપર ધૂળમાં નહાતા નકકી કરેલા સ્થળે પહોંચવું પડતું હતું. મુસાફરીનો થાક છતાં તબ્લીગી અભિયાનમાં હાજી નાજી સાહેબને કદી થાકનો અનુભવ થતો ન હતો.

અલ્લામા હાજી નાજી સાહેબ એક ગામથી બીજે ગામ દીનની તબ્લીગ માટે જતા હતા. નફસાનિયત (માનસશાસ્ત્ર)

માં નિષ્ણાંત એવા ‘હકીમે મિલ્લત ’ મઝહબે એહલેબૈતથી અજાણ ગામડાંના લોકોના માનસમાં સત્ય મઝહબની વાતો એવી રીતે રજૂ કરતા હતા કે દિલોમાં રહેલી ‘સુબ્હે કાઝિબ’ ‘સુબ્હે સાદિક ’ માં બદલાઈ જતી હતી. જેમ કે ‘હક આવ્યું અને બાતિલ ગયું છેવટે બાતિલને તો જવાનું જ હતું.’

આ રીતે તૌફિક મળતા જ લોકો આપની ફરતે આવીને મઝહબે એહલેબૈતને સ્વિકારવા માટે ખુશીથી તૈયાર થઇ જતા હતા.

જયારે પણ આપ ગામડાઓમાં મજલીસે હુસૈન અલય્હિસ્સલામ માટે જતા હતા ત્યારે ન્યાઝે હુસૈન અલય્હિસ્સલામ માં કાજુ-દ્રાક્ષ અને સાકર વહેંચતા હતા કારણ કે તે ઝમાનામાં કાજુ-દ્રાક્ષ અને સાકરને શ્રેષ્ઠ ન્યાઝ ગણવામાં આવતી હતી. કેટલાક લોકો આ ન્યાઝની જ આશાએ જમાતખાનામાં આવતા પરંતુ આપની મીઠી-મધુર વાણી અને વર્તન તેમજ હક અને બાતિલનો તફાવત સ્પષ્ટ

કરી દેનારી દ્રષ્ટાંતરૂપ તકરીરોને કારણે અંધકારમાં અટવાતા આ લોકમાનસને 'રાહે નજાત ' ની ખુશખબરી મળી જતી હતી.

જેનું જીવંત ઉદાહરણ કાણોદર (જીલ્લો : બનાસકાંઠા) માં હાજી નાજી સાહેબનું 'તબ્લીગી અભિયાન ' છે. જયારે કાણોદરમાં હાજી નાજી સાહેબે હકનો પરચમ લહેરાવ્યો ત્યારે ખોજા અને મોમના સમાજની માત્ર સત્તર વ્યક્તિઓએ પોતાના દિલોમાં હિદાયતનો ચિરાગ રોશન કરેલ હતો. જેમાં હાજી નાજી સાહેબને હાજી શેઠ અહેમદઅલી કરીમભાઈ માંકણોજીયા (બંગલાવાળા) ની ભરપૂર સહાય પ્રાપ્ત હતી. ઈ.સ. ૧૯૨૪ માં હાજી શેઠ અહેમદઅલી કરીમભાઈ માંકણોજીયા દ્વારા હાજી નાજી સાહેબને કાણોદરમાં પોતાના ઘરે મોહર્રમના અશ્રાની મજલિસો પઢવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું ત્યારે આપની નૂરાની તકરીરોને કારણે તૌફીક મળતા જ કાણોદર ખાતે લોકોનાં

ટોળે-ટોળા ‘બાબે મદીનતુલ ઇલ્મ ’ ની ચોખટ ઉપર માથું નમાવતા નજરે પડવા લાગ્યા. જયારે હાજી શેઠ અહેમદઅલી કરીમભાઈ માંકણોજીયાએ હાજી નાજી સાહેબની ખિદમતમાં ‘અશ્રએ મોહર્રમ ’ નો હદિયો રજૂ કર્યો. ત્યારે હાજી નાજી સાહેબે ઝિક્રે મઝલુમનું મહેનતાણું લેવાનો સ્પષ્ટ શબ્દોમાં ઇન્કાર કરી દીધો. હાજી શેઠ અહેમદઅલી કરીમભાઈ માંકણોજીયાનો આગ્રહ અને હાજી નાજી સાહેબનો ‘અશ્રએ મોહર્રમ’ નો હદિયો લેવાનો ઇન્કાર યથાવત રહયો અને અંતે હાજી શેઠ અહેમદઅલી કરીમભાઈ માંકણોજીયાએ હાજી નાજી સાહેબની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ ચાલતા યતીમખાનામાં તે ઝમાનાના રૂપિયા ૭૫૧/- (સાતસો એકાવન)નું ડોનેશન લખાવીને યતીમોની સંભાળનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

હાજી નાજી સાહેબે પણ પોતાના ઉમદા અખ્લાકનો નમૂનો પુરો પાડીને તે સમયે કાણોદરમાં શિયા ઇસ્નાઅશરી

મોમીન જમાતના મસ્જીદના અધુરા બાંધકામના ભલાઈના કાર્યમાં (મુંબઈ અને કરાંચીના લોકો પાસેથી ડોનેશન એકઠું કરીને) ઉમંગભેર ભાગ લીધો હતો અને અલ્લાહના ઘરના અપૂર્ણ કાર્યોને પૂર્ણતાને આરે પહોચાડ્યું હતું.

હાજી નાજી સાહેબને કાણોદરના લોકો પ્રત્યે અનહદ આકર્ષણ અને લાગણીભાવ થઇ ગયો હતો. જયારે પણ હાજી નાજી સાહેબ કાણોદરમાં રહીને વિદાય લેતા ત્યારે તમામ મોઅમીનો આપને ઈમામ ઝામીન બાંધીને વિદાય આપતા હતા. હાજી નાજી સાહેબને લોકોનો આ અમલ એટલો પસંદ આવ્યો હતો કે આપ જ્યાં પણ જતા આ નેક કાર્યનો ખાસ ઝિક્ર કરતા અને તેને સર્વસામાન્ય બનાવવાની ભલામણ કરતા હતા.

હક મઝહબનો પ્રચાર-પ્રસાર અને ફેલાવો કરવા માટે આપે કેટલાક શખ્સોને તાલીમ અને તરબીયત આપી હતી તેઓ હાજી નાજી સાહેબે તૈયાર કરેલા આયોજન મુજબ

હિદાયત કરવા માટે સમયાંતરે મુસાફરી કરતા હતા. જેમાંથી કેટલાક વેતન મેળવતા હતા અને અન્ય કેટલાક માત્ર ખુદાની ખુશી મેળવવા માટે આ કાર્યને અંજામ આપતા હતા. તેઓમાં બે વ્યક્તિ અગ્રક્રમે છે :

- મુલ્લા હસનઅલી જાનમોહમ્મદ મોહિબ (તળાજાવાળા)
- મુલ્લા અલીભાઈ કરમાલી, તેઓ પણ તળાજા સાથે જ સંબંધ ધરાવે છે.

(૧.) મુલ્લા હસનઅલી જાનમોહમ્મદ મોહિબ (તળાજાવાળા) એક સારા નસીહતકર્તા, સંપાદક અને હોનહાર પત્રકાર હતા. આપે હક અને સત્યના પરચમને બુલંદ કરવા માટે પ્રશંસનિય દીની ખિદમતો અંજામ આપી હતી. મરહુમ મુલ્લા હસનઅલી જાનમોહમ્મદ મોહિબે ગુજરાતી ભાષામાં 'હુસૈનનો મહાન સત્યાગ્રહ' નામની એક કિતાબ લખી હતી જેને વાંચીને આપણા રાષ્ટ્રપિતા મહાત્મા

ગાંધીજી અત્યંત પ્રભાવિત થયા હતા અને ઈમામ હુસૈન અલય્હિસ્સલામ ના જેહાદ પરથી બોધપાઠ મેળવીને કરબલાના બોંતેર (૭૨) સાથીઓની જેમ પોતાની સાથે પણ બોંતેર (૭૨) અહિંસાના સત્યાગ્રહીઓને સાથે લઈને 'મીઠાના સત્યાગ્રહ' નો પ્રારંભ કર્યો હતો. આ વાતની જાણ આપણને મહાત્મા ગાંધીજીએ મુલ્લા હસનઅલી જાનમોહમ્મદ મોહિબ (તળાજાવાળા)ને લખેલા એક લખાણ મારફત થાય છે.

હાજી નાજી સાહેબના આદેશથી મુલ્લા હસનઅલી સાહેબે કચ્છના રણમાં ઠેક ઠેકાણે 'ગુલશને પંજેતન' નિ ખુશ્બુ ફેલાવીને વિરોધીઓના નાપાક ઈરાદાઓની બદબૂ વધુ ફેલાઈ જાય તે પહેલા અટકાવી દીધી હતી.

(૨.) અન્ય એક વ્યક્તિત્વ મુલ્લા અલીભાઈ કરમાલી હતા જેમનો સંબંધ પણ તળાજા (જીલ્લો : ભાવનગર) સાથે હતો. આપે પણ હાજી નાજી સાહેબની સાથે રહીને ઘણા વિસ્તારોમાં તબ્લીગી મુસાફરી કરી હતી.

એક વખત મુલ્લા અલીભાઈ કરમાલી બીમારીના કારણોસર તબ્લીગી મુસાફરી કરી શક્યા નહિ. હાજી નાજી સાહેબ તબ્લીગી અભિયાનમાં વ્યસ્ત હોવાથી મુલ્લા અલીભાઈ કરમાલીની બીમારીથી માહિતગાર ન હતા. તે સમયે મુલ્લા અલીભાઈ કરમાલીને પોતાના તબ્લીગી સફરનું મહેનતાણું દેવજીભાઈ જમાલ ટ્રસ્ટ (ભાવનગર) પાસેથી પ્રાપ્ત થતું હતું. આ વખતે પણ રાબેતા મુજબ આપને મહેનતાણું મળી ગયું પરંતુ અલીભાઈએ એમ કહીને મહેનતાણાની રકમ પાછી મોકલી આપી કે :

"જયારે મે આ મહિના દરમ્યાન કોઈ તબ્લીગી કાર્ય અંજામ આપ્યું નથી ત્યારે આ પરિસ્થિતિમાં મારે આ માસનો પગાર લેવાનો પણ કોઈ હક બનતો નથી."

હવે તમે અંદાઝ લગાવો ! જયારે હાજી નાજી સાહેબના તાલીમ પામેલા સૈનિકો આવા હતા તો પછી હાજી

નાજી સાહેબ પોતે 'મેઅરાજે ઇન્સાનીયત ' ની કઈ મંઝિલ ઉપર હશે ?!?!

લશ્કરે હકના સિપાહીઓને દરેક સમયે સતાવવામાં આવ્યા છે. હાજી નાજી સાહેબને પણ આ યાતનાભર્યા અને કાંટાળા માર્ગ ઉપરથી પસાર થવું પડ્યું હતું. હકના વિરોધીઓ નિર્દોષ અને બેગુનાહ હાજી નાજી સાહેબને કોર્ટમાં લઇ ગયા. અલબત્ત હક આવ્યો જ છે સરબુલંદ થવા માટે...

ઈર્ષાખોરોની બદનિયત હાજી નાજી સાહેબની માનસિક શાંતિ છીનવી લેવાની, આપની હિંમતને પસ્ત કરી દેવાની, આપે બુલંદ કરેલા મઝહબે હકના પરચમને નીચે પાડી દેવાની તેમજ સત્ય મઝહબનું નામ બદલીને પોતાના નિફાકભર્યા રજીસ્ટર્ડ માર્કનો સ્ટેમ્પ લગાવી દેવાની હતી.

કોર્ટમાં પોતાના કીરદાર થકી તેમજ પોતાની જોશીલી તકરીરો થકી આપે મઝહબે હકને જાહેર કર્યો. છેવટે

મેજીસ્ટ્રેટ સાહેબે હાજી નાજી સાહેબને ઇઝઝત અને આદરની સાથે નિર્દોષ જાહેર કર્યા.

આવો જ એક પ્રસંગ માણાવદર ગામે બન્યો હતો :

ખોજા શિયા ઇસ્નાઅશરી સમાજ અને માણાવદરના અન્ય એક મુસ્લિમ સમુદાય વચ્ચે એક મસ્જીદની માલિકી બાબતે ખટરાગ અને વિવાદ ઉભો થયો. બંને જૂથો મસ્જીદ ઉપર પોતાના હકનો દાવો માંડી રહયા હતા. પરીસ્તિથી બોલાચાલી સુધી પહોંચી ગઈ. યોગાનુયોગ તે સમયે હાજી નાજી સાહેબ માણાવદર આવેલ હતા. જેવી આપને જાણ થઇ કે તરત જ આપે બંને સમૂહના આગેવાનો સાથે મુલાકાત કરી અને ખૂબ જ ધ્યાનપૂર્વક બંને પક્ષની વાત સાંભળી. ઇન્સાફ પસંદ આ વ્યક્તિ સમક્ષ પોતાના જ સમાજના લોકો કોઈ સબૂત રજૂ કરી શક્યા નહિ્ત્યારે આપે પોતાના જ્ઞાતિબંધુઓને સમજાવતા ફરમાવ્યું :

“જુઓ ! મસ્જીદ અલ્લાહનું ઘર છે. અલ્લાહનું ઘર શાંતિ અને સલામતીનું સ્થાન હોય છે. હવે જો શાંતિ અને સલામતીના સ્થાનેથી જ ફીત્ના અને ફસાદનો પ્રારંભ થાય તો તે ‘હુસૈની કીરદાર’ ન હોઈ શકે. તેથી જે રીતે હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ એ ખિલાફતથી હાથ પાછો ખેંચીને મુસ્લિમ ઉમ્મતને બચાવી લીધી હતી તે રીતે મારી તમને અપીલ છે કે તમો પણ મસ્જીદને આપણા તૌહીદી બીરાદરોને સોંપી દો અને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખો તેમજ અંદરોઅંદર ફાટફૂટ ન કરો.

માણાવદરના ખોજા લોકો હાજી નાજી સાહેબના હિકમતભર્યા નિર્ણયથી સંતુષ્ટ થઇ ગયા અને રાજીખુશીથી મસ્જીદ પોતાના તૌહીદી બીરાદરોને સોંપી દેવામાં આવી.

જયારે માણાવદરના નવાબ સાહેબને આ વાતની જાણ થઇ ત્યારે આપ અત્યંત ખુશ થયા અને જાતે એક ઈન્સાનરૂપી ફરિશ્તાની મુલાકાત માટે હાજી નાજી સાહેબના

રોકાણસ્થળે આવી પહોંચ્યા. નવાબ સાહેબે આપને ગળે લગાડ્યા અને ખૂબ મુબારકબાદી આપી એટલું જ નહિં બલ્કે માણાવદર સ્ટેટ તરફથી શિયા ઇસ્નાઅશરી સમાજ માટે એક મસ્જીદ બનાવી આપવાનો વાયદો કર્યો અને આ વાયદાને પૂરો પણ કરી બતાવ્યો.

ઉપરોક્ત બનાવો ઉપરથી સાબિત થાય છે કે 'મોહસીને કૌમ ' અલ્લામા હાજી નાજી સાહેબ પોતાના સમયમાં 'ખોજા' સમાજ માટે હકીકતમાં 'કુતુબનુમા' (દિશાદર્શક) ના દરજ્જા ઉપર બિરાજમાન હતા.હાજી નાજી સાહેબે જીવનપર્યંત પોતાના સમાજને એક હકીમની હેસિયતથી સંભાળી રાખ્યો અને ૮ મી ઝિલ્હજ, હિજરી સન ૧૩૬૨ ના રોજ ખોજા કૌમને છોડીને આ ફાની દુનિયાથી આખેરતની સફર માટે કુચ કરી ગયા. તેમનું દફનસ્થળ ભાવનગર ખાતે આવેલા 'હાજી નાજી આરામ બાગ '

કબ્રસ્તાનમાં આવેલું છે જે (આજે પણ) ખોજા સમાજ માટે દિશાદર્શક બનેલું છે.

૮ મી ઝિલ્હજ, હિજરી સન ૧૪૧૨ ના રોજ હાજી નાજી સાહેબના પચાસમાં વફાત દિન નિમિત્તે હાજીનાજી મેમોરીયલ ટ્રસ્ટના ફાઉન્ડર અને મેનેજીંગ ટ્રસ્ટી અલ્હાજ ગુલામહુસૈનભાઈ મેઘાણી સાહેબના પ્રયત્નોથી એક સોવેનિયરનું આયોજન કરવામાં આવેલ જેના એક વિષય સંદર્ભમાં એક ખૂબ જ પ્યારી વાત કરવામાં આવી હતી કે :

“અલ્લામા હાજીનાજી સાહેબના કીરદાર અને અમલને ધ્યાનમાં રાખીને આજે આપણામાં અખ્લાકી, રૂહાની અને આંતરિક અને ત્યાર પછી અમલ અને અડગતા તેમજ બુલંદીનું હોવું એ આપણી કૌમની બકા અને કાયમી અસ્તિત્વ ટકાવી રાખવા તેમજ શિય્યતના વકાર અને ભરોસાને બાકી રાખવા માટે અત્યંત જરૂરી છે. આવા સમયે એક ક્ષણ એ એક માસ અને એક વર્ષ સમાન હોય છે તેમજ એક શ્વાસ એક વય

બરાબર હોય છે. તે સમયે જયારે શિર્કની બોલબાલા હતી અને જહાલતના અંધકારે સમાજને મૃતપાયઃ કરી દીધેલ હતો તેવા સમયે જો ‘હકીમુલ મિલ્લત’ હાજી નાજી સાહેબે પોતાની ફરજો ઉપર નજર કરીને માત્ર અને માત્ર ખુદાની ખુશી મેળવવા માટે પોતાની અખ્લાકી બુલંદી, નિઃસ્વાર્થ ભાવના, સાચી ખુદાપરસ્તી (જેમાં નિફાકનું નામોનિશાન ન હતું.) નિ સાબિતી ન આપી હોત તો એક મોટો ભય હતો કે આજે જે ખોજા કૌમ સમગ્ર વિશ્વ ઉપર છવાયેલી છે તેનું ક્યાંય નામોનિશાન ન હોત.

‘હાજી નાજી’ ન રહે હમ ભી રહે યા ન રહે
ઉનકે કિરદાર કો આઈન બનાયા જાયે “માસુમ”
માસુમ “જલાલી”

સંકલન અને રજુકર્તા : અલિફ . લામ . જલાલી ‘માસુમ’

(ધંધુકા)

મોબાઈલ નંબર : ૯૭ ૧૪ ૦૫ ૭૬ ૮૬

# ગુજરાતના હિલ્લી

આપશે મૌલા ગવાહી જેના શયદાઈ હતા
એ નામથી ને કામથી ‘હાજી’ હતા ‘નાજી’ હતા

મરતબામાં કર કોઈથી કેટલા આલી હતા !
તે છતાં અભિમાનથી એ એકદમ ખાલી હતા !

આજ ઈલ્મે દીનનો મધ્યાહ્‌ન જે ચમકી રહયો,
ઇલ્મની એ સુબ્હના અલ્લામા એક પ્રહરી હતા

એમની સેવાનું મૂલ્યાંકન કદી મુમ્કીન નથી
હોય ગુણવત્તા કે જથ્થો બેયમાં ભારી હતા

આટલા વર્ષેય કોઈ જોડિયો પાકયો નથી
મઝહબી સાહિત્યની સેવામાં લા-સાની હતા

ઝિંદગી એંશી વરસ પણ ચારસો પુસ્તક લખ્યા
કેમ ના લોકો કહે ગુજરાતના હિલ્લી હતા !

નહિં તો પૂરૂ આલમે ઇસ્લામ એને જાણતે
જો કમી જાણો તો બસ એક જ કે ગુજરાતી હતા

એમના મિશન ઉપર માંડો કદમ મકકમ થઇ
આપના માટે તો 'નાસિર' પ્રેરણાદાયી હતાં.

"રજુકર્તા : નાસિર નૂરાની"